જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૫/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ બીયરટીન કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૧૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૪૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૪૩/૨૦૨૬**

ઈસનપુરઃ મિતેશભાઇ પ્રફુલચંદ્ર મોડાશીયા (ઉ.વ.૪૬)(રહે.દેવ ક્રેસ્ટલ એપાર્ટમેન્ટ, ટોપાઝ રેસ્ટોરેન્ટ પાછળ, ઇસનપુર) એ તા.૨૬/૦૫/૨૦૨૬ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૬ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે મિતેશભાઇએ ઇંડીયા માર્ટ નામની વેબસાઈટ ઉપર પોતાના ધંધા અર્થે ઇન્ડસ્ટ્રીયલ પાર્ટ માટે સર્ચ કરતા, મિતેશભાઇના વ્હોટ્સઅપ નંબર ઉપર અજાણ્યા મોબાઇલ નંબર ૯૧૦૪૯૮૨૩૬૫ ના ધારકે મેસેજ કરીને જણાવેલ કે "હુ AELIUS AUTOMATION કંપનીમાંથી વાત કરુ છુ અને તમારે જે પાર્ટ જોઇએ છે તે પાર્ટ અમારી પાસે પડેલ છે અને તેના ફોટા મોકલી, પાર્ટના ૫૦ ટકા રૂપિયા એડવાન્સ મોકલવાનુ કહેતા મિતેશભાઇએ તેમના Kotak Mahindra Bank ના ખાતામાંથી રૂપિયા ૩૮,૦૦૦/– ઓનલાઇન ટ્રાન્સફર કરતા બીજા દિવસે સામાન આવી જશે તેમ કહેવા છતા કોઇ સામાન નહી આપી, ફોન ઉપાડવાનુ બંધ કરી દઇ મિતેશભાઇ મોડાશીયા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

પાલડીઃ જૈનેસભાઇ દીનેશભાઈ વડાલીયા (ઉ.વ ૪૪)(રહે.પાર્થ એપાર્ટમેન્ટ, જયશીયારામ પેડા વાળાની ગલીમાં, પાલડી) એ તા.૨૬/૦૫/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિએ જૈનેસભાઇનો મોબાઇલ હેક કરેલ હોઇ ૧૦ મીનીટ પછી મોબાઇલ ચેક કરતા ગુગલ પે માં સ્ટેટમેન્ટ જોતા રૂપિયા ૫૫,૦૦૦/– તેમના ખાતામાંથી ટ્રાન્જેકશન આઈ.ડી 647616031061 થી ટ્રાન્સફર થઈ ગયેલ હતા. જૈનેસભાઇએ ફોન ચેક કરતા તેમાં એક હાઈડ એ.પી.કે ફાઇલ ઈન્સ્ટોલ હતી જેના કારણે તેમનો ફોન હેક કરી તેમના ખાતામાંથી ૫૫,૦૦૦/– અજાણી વ્યક્તિએ ટ્રાન્સફર કરી લઇ તેમની સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૭૪૪/૨૦૨૬**

સેટેલાઇટઃ શર્મીષ્ટાબહેન કેતનકુમાર ચૌહાણ (ઉ.વ.૫૨)(રહે. ભગીની છાત્રાલયની બાજુમા, અમરેલી) એ તા.૨૬/૦૫/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૬ સવારના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન વૈષ્ણોદેવી સર્કલ થી ઇસ્કોન ચાર રસ્તા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષા ચાલક અને રીક્ષામા બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષએ ભેગામળી નજર ચુકવી શર્મીષ્ટાબહેનના બેગમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એસ.ચુડાસમા ચલાવે છે.

ઓઢવઃ રમેશભાઇ સ/ઓ મનશીભાઇ બનજારા (ઉ.વ.૨૨)(રહે.ભરવાડવાસ ચાર માળીયા, ઓઢવ ગામ, ઓઢવ) એ તા.૨૬/૦૫/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નરોડા પાટીયા થી અજાણ્યા રીક્ષા ચાલકની રીક્ષામાં બેસી પોતાના ઘર નજીક ઉતરીને પોતાનો માલસામાન રીક્ષામાંથી બહાર કાઢતા હતા ત્યારે અજાણ્યો રીક્ષા ચાલક રમેશભાઇની નજર ચુકવી રીક્ષામાં મુકેલ રમેશભાઇની કપડાની થેલી અને બેગ ચોરી કરી નાસી ગયો હતો. જે બેગમાં ચાંદીનો કંદોરો કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– મતાનો મુકેલ હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી